# રૂઢિપ્રયોગ

- રૂઢિપ્રયોગ એટલે રૂઢ થયેલો પ્રયોગ – અનુભવવાણી. ભાષામાં લોકજીભે થતા પ્રયોગ રૂઢ બને ત્યારે એ "રૂઢિપ્રયોગ" બને છે. આમ, રૂઢિપ્રયોગનું ઉદભવસ્થાન છે લોકમુખ. લોકમુખની કૂખેથી એ જન્મે છે અને લોકજીભના માધ્યમથી એનું બળકટ રૂપ ધારણ કરે છે અને થોડામાં ઘણું કહી જાય છે.

- રૂઢિપ્રયોગને "લોકોક્તિ" પણ કહે છે. વક્તવ્યને ચોટદાર અને અસરકારક બનાવવા કેટલીકવાર શબ્દપ્રયોગની ખાસ લઢણનો ઉપયોગ કરવામાં આવે છે, તેને રૂઢિપ્રયોગ કહે છે. રૂઢિપ્રયોગની પાછળ ઈતિહાસ પડેલો છે. વાસ્તવમાં રૂઢિપ્રયોગએ ભાષાનું ઘરેણું છે. તેના ઉપયોગથી લખાણ વધુ ધારદાર અને પ્રભાવક બનવા ઉપરાંત લાઘવપૂર્ણ બને છે.
- કેટલાક પરિચિત રૂઢિપ્રયોગો ઉદાહરણ તરીકે અહીં પ્રસ્તુત છે:

  - **એક રાસે કરવાં**
  - એક સરખા ગણવા.

  - **ઓછું આવવું**
  - દુ:ખ લાગવું.

  - **કરમ ફૂટેલું હોવું**
  - નસીબ ખરાબ હોવું.

  - **કળ વળવી**
  - ભાન આવવું.

  - **કોઠે પડવું**
  - ટેવાઈ જવું.

- **ખાંડની ધારે ચાલવું**
  - અત્યંત મુશ્કેલી અને સાહસભર્યું કામ કરવું.
- **ખો ભૂલી જવી**
  - જિંદગીભર યાદ રહે એવો પાઠ મળવો.
- **ગળે વાત ઉતરવી**
  - સમજવું.
- **ગાંઠ ઊકલી જવી**
  - મનમાં પૂર્વગ્રહ બંધાવો
- **છાતીથી અળગું કરવું**
  - દૂર રાખવું.
- **જીવ અધ્ધર થવો**
  - ચિંતાથી વિહ્વળ થવું.
- **જીવ ખાવો**
  - કચકચ કરવી.
- **જીવ ચકડોળે ચડવો**
  - મનમાં અનેક વિચારોની ગડમથલ થવી.
- **જીવતર ધૂળ હોવું**
  - જીવન વ્યર્થ હોવું.
- **જેણે મૂકી લાજ તેનું નાનું સરખું રાજ**
  - શરમ છોડનારને કોઈની ચિંતા નહીં.

- **તડકી-છાંયડી જોવી**
  - સુખ-દુઃખ સહન કરવાં.
- **પગ ભાંગી જવા**
  - હતાશ થઈ જવું.
- **પૃથ્વી રસાતાળ જવી**
  - ભારે મોટું અનિષ્ટ થવું.
- **માથામાં મારવું**
  - ક્રોધ, ગર્વ, તુચ્છકારથી આપવું, પરત કરવું.
- **રૂંવાડું ય ન ફરકવું**
  - કંઈ જ અસર ન થવી.
- **લોહીનાં શેકાણા કરાવવાં**
  - ખૂબ સંતાપ આપવો.
- **વખાનું માર્યું**
  - ભારે દુઃખમાં આવી પડવું.
- **વરસી જવું**
  - ખુશ થઈને ઘણુ આપવું.
- **વરાળ કાઢવી**
  - મનનો રોષ ઠાલવવો.
- **શ્રાવણ-ભાદરવો વહેવો**
  - ખૂબ રડવું.

- **સોપો પડી જવો**
  - સૂમસામ થઈ જવું.

- **હૈયું કઠણ કરવું**
  - હિંમત રાખવી.

- **હૈયું ખોલવું**
  - મનનું દુઃખ કોઈને કહેવું.

- **હોઠ કરડવા**
  - નિષ્ફળતા છુપાવવી.